પાલનપુરમાં બ્રહ્મ સમાજની મહિલાઓ દ્વારા મનિષાબેનને શ્રદ્ધાંજલિ અપાઈ

પરણિતાને કુખે દીકરો ન હોવાથી સાસુ અને નણંદના માનસિક ત્રાસથી આપઘાત

પાલનપુરમાં વિપ્ર પરણીત મહિલાને કુખે બે પુત્રીઓ અવતરતા અને પોતાના કુખે પુત્ર ન અવતરતા સાસુ અને ત્રણ નણંદ ના ત્રાસ થી ત્રણ દિવસ અગાઉ આપઘાત કરી મોત ને વ્હાલું કરતા વિપ્ર સમાજ માં ભારે ચકચાર મચી જવા પામી હતી

સાસુ અને ત્રણ નણંદ સામે પોલીસ ફરિયાદ બાદ મુર્તક મહિલા ને ન્યાય નું ગુહાર માટે પાલનપુર માં મોટી સંખ્યા માં એકત્ર થઈ મીણબત્તી પ્રજ્જવલિત કરી શ્રધાંજલી અર્પણ કરી ન્યાય ની માંગ કરી હતી.

પાલનપુર શહેરના આકેષણ રોડ વિસ્તાર માં આવેલ સોપના બંગ્લોઝ માં રહેતા નીલેશકુમાર પરસોતમ ભાઈ જોશી એ ૧૩ વર્ષ આગાઉ મનિષાબેન જોશી સાથે લગ્ન કર્યા હતો લગ્ન બાદ સાંસારિક જીવન ખુશીઓ થી ભરેલું હતું જો કે સમય જતા મનીષાબેન ને સંતાન માં બે દીકરી જન્મી હતી એક નામ આયુશું જેની ઉમર ૧૩ વર્ષ ની જયારે બીજી દીકરી રૂચા જેની ઉમર ૭ વર્ષ ની છે સાસુ અને ઘર માં ત્રણ નણંદ એ મનીષા ને સંતાન માં દીકરો ન હોવાના લીધે કાયમી માનસિક પીડા આપવાનું શરૂ કરી દીધું સતત સાત વર્ષ થી માનસિક અને શારીરિક ત્રાસ એટલી હદ સુધી આપ્યો કે મનીષા ને જીવન જીવવું મુશ્કેલ બની ગયો હતો.

જો કે પતિ નીલેશએ પણ મનીષા ને સાથ ન આપ્યો આખરે બે દીકરીઓની માતા મનીષા એ બે દિવસ અગાઉ ઝેરી દવા ગળી ને કાયમી માટે પુત્ર મોહ ની લાલચી દુનિયા છોડી ને સ્વર્ગવાસ થઇ ગઈ ,સાસુ અને ત્રણ નણંદના માનસિક અને શારીરિક ત્રાસ એ મોત માટે મનીષા ને એટલી મજબુર કરી દીધી કે અને થોડીવાર માટે બે માસુમ દીકરીઓ ને પણ ભૂલી ગઈ,મનીષાની સગી બહેન કિરણ જોશી એ પાલનપુર પોલીસ મથક માં ફરિયાદ દાખલ કરી પોતાની બહેન ને મોત માટે મજબુર કરનારા તેના સાસુ અને ત્રણ નણંદ સામે કાયદાકીય પગલા લઈ કડક સજા ની માગ કરી છેપાલનપુર પચીમ પોલીસે મુર્તક મનીષા જોશી ના સાસુ અને ત્ ત્રણ નણંદ સામે માનસિક ,શારીરિક અને આત્મહત્યા માં મજબુર કરવા માટે આઈ પી સી ની કલમ ૪૯૮ ક ,૩૦૬ અને ૧૧૪ મુજબ નો પોલીસ દફતરે ગુનો દાખલ કરી આરોપીને પકડવાની તજવીજ હાથધરી છે.

જોકે સમાજ આ ઘટના ના બને તે માટે હવે બ્રહ્મ સમાજ ની મહિલાઓ આગળ આવી છે પાલનપુર ના પાતળેશ્વર મહાદેવ ના મંદીર પર વિશાલ સઁખ્યા માં એકત્ર મીણબત્તી પ્રજ્જવલિત શ્રધાંજલી આપી હતી મુર્તક મનીષા ને ન્યાય મળે તેવી માંગ કરી હતી.

પ્રકૃતિ યુવા સંગઠન દ્વારા વિશ્વ જળ દિવસની ઉજવણી

ગાંધીનગર શહેરના પ્રકૃતિ યુવા સંગઠન ટ્રસ્ટ દ્વારા આજરોજ વિશ્વ જળદિવસની બાળકો સાથે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેથી બાળકો બાળપણથી જ પર્યાવરણનું મહત્વ જીવનમાં સરળતાથી સમજી શકે. તેમજ પ્રકૃતિના અમુલ્ય સ્ત્રોત જળ, વૃક્ષોનું જતન કરે, આ સંગઠન દ્વારા વિશ્વ જળ દિવસ નિમિતે પાણીના કુંડા, ચકલી ઘર, તથા પર્યાવરણ જાગૃતિ અંગેની માર્ગદર્શિકા પુસ્તિકાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને સેવ વોટર, સેવ વાઈલ્ડ-લાઈફના નારા લગાવ્યા હતા. આગામી સમયમાં ઉનાળાના વેકેશનને અનુલક્ષીને વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિબિર તથા સાહસિક પ્રવાસનું પણ આયોજન કરવામાં આવનાર છે. જેના થકી વિદ્યાર્થીઓ પ્રકૃતિ તથા સાહસિકતાનો અનુભવ કરી શકે તેવું પ્રકૃતિ યુવા સંગઠનના પ્રમુખ તેજસ ગામીતે જણાવ્યું હતું.

ચિત્રાસણી ટોલનાકા પાસે હિટ એન્ડ રન બાળકનું મોત

પાલનપુર-આબુ હાઈવે પર ચિત્રાસણી ટોલનાકા પાસે હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. જેમાં પુરઝડપે આવી રહેલા બાઈક ચાલકે એક પાંચ વર્ષીય બાળકને અડફેટે લઈ ફંગોળ્યો હતો. જેમાં ગંભીર ઈજા થતા બાળકનુ ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. જોકે, અકસ્માત કરનાર બાઈક ચાલક ભાગી છૂટ્યો હતો. દરમિયાન, અકસ્માતમાં માર્યા ગયેલા અમીરગઢ તાલુકાના રબારણ ગામના ૫ વર્ષીય બાળક સુરેશ વિરમાભાઈ વાસીયાના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.

વિધાનસભાના પગથારે સત્યાગ્રહ : વિધાનસભા કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ ધારાસભ્ય પરેશ ધાનાણીને મંગળવારે સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરાતા બુધવારે સવારથી પરેશ ધાનાણી પ્રજાના પ્રશ્નોને વાચા આપવા વિધાનસભાના પગથિયે પ્રતિક ઉપવાસ આરંભ્યા હતા. સત્ર સમાપ્તિ સુધી દરરોજ પ્રતિક ઉપવાસ કરશે એમ તેમણે જણાવ્યું હતું. બુધવારે દિવસ દરમિયાન વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા કોંગ્રેસ પક્ષના આગેવાનોએ ધાનાણીની મુલાકાત લીધી હતી.

ઘ-માર્ગ પર બેફામ લગાવાયેલા જાહેરાતના હોર્ડીંગ્સ પર તંત્રનો સફાયો

શહેરના મુખ્ય માર્ગો અને સર્કલ વચ્ચે બેફામ ગેરકાયદે જાહેરાતના તોતીંગ બેનર અને હોર્ડીંગ્સ લગાવનાર વેપારીઓ પર દબાણ તંત્રએ લાલ આંખ કરી છે. ગઈ કાલે ઘ-૪થી પ્રેસ સર્કલ વચ્ચે લાગેલા આવા હોર્ડીંગ્સનો દબાણ શાખાના અધિકારી મહેશ મોડની ટીમે સર્વે કર્યો હતો અને આજે આ તમામ હોર્ડીંગ્સ તોડી પાડી દૂર કરી દીધા હતા. ૫૦ જેટલા મોટા હોર્ડીંગ્સ અને ૭૦ જેટલા નાના હોર્ડીંગ્સ હટાવીને તે લગાડનાર વેપારીઓ પર દંડનીય કાર્યવાહી કરવા કવાયત શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર અક્ષરધામ હરિમંદિર ખાતે બ્રહ્મસત્ર એક દિવસીય શિબિર યોજાઇ

તાજેતરમાં અક્ષરધામ હરિમંદિર ગાંધીનગર ખાતે અક્ષર દેરીને ૨૦૧૮ માં ૧૫૦ વર્ષ પૂર્ણ થતા હોઇ તેના મહત્વ અંગેની બ્રહ્મસત્ર નામથી એક દિવસીય શિબિર યોજાઇ. શિબિરમાં સારંગપુર સ્વમિનારાયણ મંદિરના સંસ્કુત વિધાલયના પ્રાચાર્ય સંતશ્રી આત્મતૃપ્ત સ્વામીએ આ એક દિવસીય શિબિરમાં દિવસ દરમ્યાન સતત પાંચ કલાકથી વધુ અક્ષરદેરી, ગુણાતીતાનદં સ્વામીની સર્વોપરીતા, અક્ષરબ્રહ્મનો મહિમા, ગુણાતીતાનંદ સ્વામીનું અદ્વિતીય કાર્ય, ગુણાતીત સંદેશ, ગુણાતીત પરંપરા વગેરે જેવા જુદાજુદા વિષયો ઉપર ખુબ જ સુંદર વિગતવાર પ્રસ્તુતિ કરી હતી. ગાંધીનગર અક્ષરધામના મહંત આનંદસ્વરૂપ સ્વામીએ શિબિરના દરેક વિષયોની ટૂંકમાં સમીક્ષાસહ પ્રવચન કર્યુ હતું.

વિભાગોની ફાળવણી...● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી ચુકી છે. પ્રધાનો સંપૂર્ણપણે પોત પોતાના વિભાગોને લઈને સક્રિય થઈ ગયા છે. અત્રે નોંધનયિ છે કે રવિવારના દિવસે ઉત્તરપ્રદેશમાં આખરે યોગી રાજની સ્થાપના થઈ ગઈ હતી. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે યોગી આદિત્યનાથની ભવ્ય કાર્યક્રમમાં તાજપોશી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, અનેક કેન્દ્રીય પ્રધાનો, ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ અને એનડીએ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. યોગી આદિત્યનાથને રાજ્યપાલ રામ નાયકે હોદ્દા અને ગુપ્તતતાના શપથ સૌથી પહેલા લેવડાવ્યા હતા ત્યારબાદ તેમના કેબિનેટ અને રાજ્યમંત્રીઓને પણ શપથ અપાવવામાં આવ્યા હતા. ભાજપે ૧૪ વર્ષના લાંબાગાળા બાદ ઉત્તરપ્રદેશમાં સત્તામાં હાલમાં જ વાપસી કરી છે.

મોંઘવારી ઘટશે.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે આના કારણે રચના થશે. કોમોડિટીના ભાવ ઘટશે, કરચોરીને રોકી શકાશે. કોમનવેલ્થ ઓડિટર જનરલની કોન્ફરન્સમાં બોલતા તેમણે કહ્યું હતું કે ભારત નોન ટેક્સ કમ્પલેઈન સોસાયટી ધરાવે છે. સરકારે કરચોરીને રોકવા અને આતંકવાદી નાણા ઉપર બ્રેક મુકવાના હેતુસર હાલમાં જ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુક્યો હતો. સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારા પગલાથી ભારત ૭-૮ ટકાના વિકાસ દર પર આગળ વધશે. સાથે સાથે વિશ્વભરમાં સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર તરીકેની પ્રતિષ્ઠાને જાળવી શકશે પરંતુ ઉથલ પાથલ સાથેના વૈશ્વિક તેલ કિંમતોમાં પડકારની સ્થિતિ છે. ખાનગી સેકટરના ઈન્વેસ્ટમેન્ટમાં વધારો કરવામાં આવી રહ્યો છે. જીએસટીના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે નવા પરોક્ષ કરવેરા વ્યવસ્થા ચીજવસ્તુઓ સસ્તા ભાવે ઉપલબ્ધ બને તેની ખાતરી કરશે. જેટલીએ કહ્યું હતું કે જાહેર ક્ષેત્રની બેંકોના એનપીએનો આંકડો માર્ચ-૨૦૧૬ના અંતે ૫.૦૨ લાખ કરોડથી વધીને હવે ડિસેમ્બર ૨૦૧૬માં ૬.૦૬ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે.

અંધાધૂંધ ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. બનાવની જાણ થતા જ બ્રિટનના એમઆઈ-૫ હેલિકોપ્ટરો પણ સેવામાં લેવામાં આવ્યા હતા. આ બનાવ ત્રાસવાદ સાથે સંબંધિત છે કે કેમ તે અંગે વાત કરવી વહેલીતક હશે. પાર્લામેન્ટ સ્કવેરને ટ્રાફિક માટે બંધ કરી દેવાનો નિર્ણય કરાયો હતો. ઈજાગ્રસ્તોને મદદ કરવા માટે એર એમ્બ્યુલન્સની સેવા તરત જ લેવામાં આવી હતી. બેલ્જીયમમાં એક વર્ષ પહેલા કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલાની વરશી વેળા આ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોના સંદર્ભમાં વધુ વિગત હજુ સુધી મળી શકી નથી. પોલીસે બચાવ અને રાહત કામગીરી પણ તરત હાથ ધરી હતી.

પંચાયતનું બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાણવણી માટે રૂ. ૧.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

બાંધકામક્ષેત્રે - જિ.પં. મકાન વિસ્તરણ અને દુરસ્તી માટે રૂ. પચાસ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

સમાજકલ્યાણ ક્ષેત્રે - અનુ.જાતિ તથા જનજાતિના મહોલ્લામાં વિકાસના કામો માટે ગત વર્ષ રૂ. વીસ લાખમાં વધારો કરી ૨૦૧૭-૧૮ વર્ષ માટે રૂ. પચાસ લાખ જોગવાઈ કરવામાં આવેલ છે.

વિરોધ નોંધાવ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવામાં આવી હતી. આ બજેટ પરની ચર્ચા દરમ્યાન રાજીવ ગાંધી ભવન બનાવવાની અપાયેલ વહીવટીય મંજૂરીઓ પછી અમલીકરણ અંગે સભ્યોએ પ્રશ્નો ઉભા કર્યા હતા. આ ઉપરાંત લેબર બજેટમાં જે જોગવાઈઓ ગ્રામ્ય કક્ષાએ રજુ થઈ હોય તેમાં કાપ મુકાયાની હકીકતો પણ સભ્યોએ રજુ કરી હતી. લેબર બજેટમાં કરાયેલી જોગવાઈઓના અમલીકરણ અંગે સમયાંતરે સમીક્ષા કરી પૂરેપૂરો ખર્ચ થાય તે જોવાની ખાત્રી જિલ્લા વિકાસ અધિકારીએ આપી હતી.

પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલે ગ્રામ વિકાસની સમીક્ષા બેઠકમાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન અને વિપક્ષી નેતાને હાજર રાખવા જોઈએ તેવુ સૂચન કર્યુ હતુ. જે અંગે જિલ્લા વિકાસ અધિકારીએ સકારાત્મક વલણ દાખવી કોણ હાજર રહી શકે તેની જોગવાઈઓનું પાલન કરાશે તેમ કહ્યુ હતુ.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં જે ગામોમાં પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ નથી તેવા ગામોમાં રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસ કામો હાથ ધરી શકાશે તેવો નિર્ણય કર્યો હતો. પણ જ્યાં આચારસંહિતા અમલી છે તેવા વિસ્તારો માટે પછીથી નિર્ણય લેવાશે તેવો પણ નિર્ણય લીધો હતો.

આજની બેઠકમાં તંત્રમાં વહીવટીય એકસૂત્રતા માટે અધિકારો અને સત્તા સોંપણી અંગેનો ઠરાવ પ્રમુખ સ્થાનેથી રજુ થયો હતો. આ બેઠકમાં રેતી કાંકરીની વિકાસ ગ્રાન્ટમાંથી કામો સૂચવવા માટે પ્રમુખ ઉપરાંત અરવિંદસિંહ સોલંકી અને બેચરજી ઠાકોરની સમિતિની રચનાનો નિર્ણય પણ પૂરક એજન્ડા અંતર્ગત લેવાયો હતો.

આંકડાની માયાજાળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોગવાઈઓ સાથેનું બજેટ રજુ કરવા માટે પ્રમુખ અભિનંદનને અધિકારી છે. તેમણે જણાવ્યુ હતુ કે વિકાસ માટે અમે વિવાદમાં નથી ઉતરતા તમારા સૂચનો હોય તો મોકલી આપજો. આગામી વર્ષે અમે બજેટમાં તેનો સમાવેશ થાય તે જોઈશુ.

બજેટ બેઠકને અંતે પત્રકારો સાથેની અવિધિસરની વાતચીતમાં પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે પણ બજેટ વિકાસ લક્ષી હોવાનો દાવો કરી જણાવ્યુ હતુ કે અમે આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા પર વિશેષ ભાર મુક્યો છે તેમજ સમાજ કલ્યાણ માટે પણ જોગવાઈઓમાં વધારો કરી વિકાસની વિચારધારા સાથે ગરીબોને જોડવાનો પ્રયાસ કર્યો છે.

નિરાકરણ નહિ...● ત્રીજા પાનાનું ચાલુ

નાંકવામાં આવે છે પરંતુ એલઈડી બંધ થઈ જાય તો કંપનીની હેલ્પલાઈન પણ બંધ થઈ જાય છે. તેવી આ કંપની દ્વારા વ્યવસ્થા કરી લોકોના પરસેવાના પૈસાનો ખુલ્લેઆમ દુરઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આર એન્ડ બી વિભાગ દ્વારા દલા તરવાડી જેવુ કામ કરવામાં આવી રહ્યું છે જેમ કે એલઈડી બંધ થઈ જાય તો નાખવાવાળી કંપની કરશે અને ફોલ્ટ થાય તો આર એન્ડ બી કરશે એટલે કે હવે ગાંધીનગરના રહીશોએ જાતે થાંભલા ચેક કરી ત્યારબાદ જે તે લાગુ પડતો હોય તેને ફોન કરવો કારણ કે એલઈડી કંપનીના માણસો એવુ પુછે છે કે એલઈડી બંધ છે કે બીજો ફોલ્ટ છે. આ શુ વહીવટ કરે છે તે સમજાતુ નથી અને એકબીજાના માથે ઢોળી દઈ હાથ ઊંચા કરવા તે સરકારના અધિકારીઓની ખુબી છે. પ્રજાના પ્રશ્નોના જલદીથી ઉકેલ આવે અને કંપનીને નોટીસ આપી સારી કામગીરી કરવા સુવિધા આપવા વિનંતી છે, જો આમ કરવામાં નહી આવે તો અમો દ્વારા વિરોધ કરી કાર્યક્રમ કરવામાં આવશે.

અટક બદલેલ છે

મારું નામ અને અટક દિનેશકુમાર કિશનલાલ પંજાબી હતું તે બદલી દિનેશકુમાર કિશનલાલ અરોડા કરેલ છે. જેની નોંધ લેવી.

લી.
દિનેશકુમાર કિશનલાલ અરોડા
મુ.તા. બાયડ, જી. અરવલ્લી

ગુજરાત રાજ્ય બીન નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
બીજ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૬૭૭, ૨૩૨૫૬૬૮૪
વેબસાઈટ : www.gurabini.com
CIN NO. U65410GJ1975SGC002693

પ્લાસ્ટિક થેલી ૬ X ૪ની ખરીદીની ટેન્ડર નોટીસ

આ નિગમને પ્લાસ્ટિક થેલી ૬ X ૪ની કુલ ૨૦૦૦ કિલો જથ્થાની ખરીદી કરવાની હોઈ બંધ કવરમાં ભાવ સાથે મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગતો વેબસાઈટ www.gurabini.com ઉપરથી ઉપલબ્ધ થશે. સંબંધિત ટેન્ડર ફોર્મ ફી રૂ. ૫૦૦/- ભર્યેથી તારીખ : ૨૨/૩/૨૦૧૭ થી તારીખ છ ૫/૪/૨૦૧૭ના ૧૬.૦૦ કલાક સુધી કચેરીના ચાલુ દિવસોમાં મળશે. વેબસાઈટ પરથી ફોર્મ મેળવનારે ટેન્ડર ફોર્મ ફીનો ડી.ડી. ભરેલ ટેન્ડર સાથે આપવાનો રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ તારીખ ૬/૪/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે અને તે જ દિવસે ૧૩.૦૦ કલાકે ખોલવામાં આવશે. જેમાં ટેન્ડરરો ઉપસ્થિત રહી શકાશે.

(બી. એમ. મોદી)
મેનેજીંગ ડીરેક્ટર

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, જી.આઈ.ડી.સી., ઈલેક્ટ્રોનિક એસ્ટેટની પાસે, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૨૪
ફોન : +૯૧ ૭૯ ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : +૯૧ ૭૯ ૨૩૨૮૭૧૪૦
Email : info@madhurdairy.org • Web : www.madhurdairy.org

અમૂલ દાણ સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ તથા મધુર દાણ બનાવી સપ્લાય કરવા અંગેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ અંગે

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સંયોજિત દૂધ મંડળીઓની માંગણી મુજબ અમૂલ દાણ સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ તથા મધુર દાણ બનાવી અમારી વિવિધ દૂધ મંડળીઓ ઉપર આપના ખર્ચે સપ્લાય કરવા અંગેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ (અંદાજીત ૩૦૦૦ બોરી માટે) આપવાનો છે. તો રસ ધરાવતા દાણના ઉત્પાદકો - એજન્ટ તથા એજન્સીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૨૯/૩/૨૦૧૭ સુધીમાં ૧૫-૦૦ કલાક દરમિયાન રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) રોકડા રૂબરૂ ઉપરોક્ત સ્થળે ભરી ટેન્ડર મેળવી લઈ તા. ૨૯/૩/૨૦૧૭ના ૧૬-૦૦ કલાક સુધીમાં રૂબરૂ રૂ. ૨૫૦૦૦/- (રૂપિયા પચ્ચીસ હજાર - રીફંડેબલ)નો ડી.ડી. સાથે સીલબંધ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. આવેલ ટેન્ડર ભાવ / ઓફર સ્વીકાર કે અસ્વીકાર કરવા તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો રહેશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્ક્વાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in